**અગત્યનું**

જા.નં/મા-૨/૨૦૨૨/૨૨૭૬૩-૬૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩,જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા.૧૪/૧૨/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
સુરત જીલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ
જી-સુરત.

**વિષય** :-સુરત શહેર અને જીલ્લાની શાળાઓમાં આંતર શાળા વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવા બાબત
**સંદર્ભ** :-મે,સચિવશ્રી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ,સુરતના પાત્ર ક્રમાંક/૨૫/૧૫૦૪/૨૦૨૨ તા.૧૨/૧૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે તમામ શાળાઓને નાલ્સા યોજના અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવાના આશયથી વિદ્યાર્થીઓ માટે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે.

જે અન્વયે જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,સુરત તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ,જિલ્લા ન્યાયાલય,સુરતનાં સંયુક્ત ઉપક્રમે સંદર્ભ દર્શિત પત્ર મુજબના વકૃત્વ સ્પર્ધાના વિષયોને ધ્યાનમાં રાખી ધોરણ-૯ થી ૧૨ નાં વિદ્યાર્થીઓને ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લેવડાવવાનો છે.

આથી સુરત શહેર અને જિલ્લામાં સમાવિષ્ટ તમામ શાળાઓએ તા.૨૫/૧૨/૨૦૨૨ સુધીમાં શાળા કક્ષાએ ઉક્ત સ્પર્ધા પૂર્ણ કરી માધ્યમિક (ધો- ૯ થી ૧૦) માં પ્રથમ અને બીજો ક્રમ તથા ઉ.મા.કક્ષાએ (ધો-૧૧ થી ૧૨) માં પ્રથમ અને બીજો ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીના નામ,ધોરણ અને વિષયનાં નામની યાદી તા.૨૫/૧૨/૨૦૨૨ સુધીમાં QDC કક્ષાએ જમા કરાવવાની રહેશે.

તમામ QDC કન્વીનરશ્રીઓએ તા.૨૬/૧૨/૨૦૨૨નાં રોજ પોતાની QDC માં આવતી શાળાઓની સ્પર્ધા કરી વિજેતા વિદ્યાર્થીઓ માધ્યમિક તથા અને ઉ.મા.ના પ્રથમ અને દ્વિતીય વિજેતા વિદ્યાર્થીના નામની યાદી તા.૨૭/૧૨/૨૦૨૨ નાં રોજ SVS નાં કન્વીનરશ્રીને જમા કરાવવાની રહેશે.

ત્યારબાદ તા.૨૮/૧૨/૨૦૨૨ નાં રોજ તમામ SVS કન્વીનરશ્રીઓએ પોતાની તાબામાં આવતી તમામ QDCની સ્પર્ધા સવારે ૧૧-૦૦ કલાકે કરવાની રહેશે. જેમાં ૧ (એક) નિર્ણાયક SVS નાં કન્વીનર નક્કી કરશે અને ૧ (એક) જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ,જિલ્લા ન્યાયાલય,સુરત તરફથી આવશે.

**ઉક્ત સ્પર્ધા પૂર્ણ થયા બાદ વિજેતા વિદ્યાર્થીઓની યાદી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ,જિલ્લા ન્યાયાલય,સુરત અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરતને તા.૨૯/૧૨/૨૦૨૨ નાં રોજ સમય બપોરે ૧૪-૦૦ કલાક સુધીમાં બિનચૂક મોકલી આપવાની રહેશે.**

**સ્પર્ધા માટેની કોઈપણ માહિતી માટે શ્રી ભરતભાઈ પંડિત મો.નં- ૯૮૨૫૧ ૬૨૦૬૨ નો સંપર્ક કરી શકશો.**

બિડાણ :-સંદર્ભ પત્ર

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જીલ્લો-સુરત

**નકલ સવિનય રવાના :-**
મે,સચિવશ્રી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ,જિલ્લા ન્યાયાલય,સુરત

# જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત

વિમલ કે. વ્યાસ
અધ્યક્ષ, જિ.કા.સે.સ.મં.
અને મુખ્યા જિલ્લા ન્યાયાધીશ

ફોન અને ફેક્સ નં:(૦૨૬૧) ૨૬૫૧૮૦૪
E-mail id: dlsa.sur-gj@nic.in

એચ. વી. જોટાણીયા
સચિવ,
(એડી. સિની. સિવીલ જજ અને એડી. ચીફ જયુડી.મેજી.)

જા.નં.: ૨૧/ ૧૫૦૪ /૨૦૨૨
તારીખ: ડિસેમ્બર ૧૨, ૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી (ડી.ઈ.ઓ.)
સુરત.

**વિષયઃ સુરત શહેર અને જિલ્લાની શાળાઓમાં આંતર શાળા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ: નાલ્સા (બાળકો માટે મૈત્રીપૂર્ણ કાનૂની સેવાઓ અને તેઓના સંરક્ષણ માટે કાનૂની સેવાઓ)**

સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત યોજના અન્વયે જણાવવાનું કે, નાલ્સાની ઉપરોક્ત સંદર્ભિત યોજનાનો મુખ્ય હેતુ બાળકોની દેખભાળ, સંરક્ષણ અને દરેક સ્તર પર બાળકોના કાનૂની પ્રશ્નો માટે કાનૂની પ્રિતિનિધિત્વને સુનિશ્ચિત કરવાનો તેમજ બાળ અધિકારો અને તેમની સુરક્ષા માટે ઉપલબ્ધ બાળ સુરક્ષા સેવાઓ, પરિયોજનાઓ અને દરેક સ્તર પરના માળખા વિષે વિશાળ પાયા પર પ્રજાને શિક્ષિત કરવા માટે શૈક્ષણિક અને ચિકિત્સક સંસ્થાઓ માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવાનો છે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના માર્ગદર્શનથી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત દ્વારા શાળાના વિદ્યાર્થીઓ વિવિધ કાયદાથી માહિતગાર થાય તે હેતુસર કાનૂની જાગૃતિ માટે વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે.

આ સંદર્ભે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, જિલ્લા ન્યાયાલય, સુરતનાં ઉપક્રમે વિવિધ શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નીચે જણાવેલ કાનૂની વિષયો પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન આપની તાબાની ૧૪ એસ.વી.એસ. માં તા. ૨૮/૧૨/૨૦૨૨ ના રોજ આયોજવા વિચારેલ છે. જે સંદર્ભે આપની તાબાની ૧૪ એસ.વી.એસ. માં થનાર વક્તૃત્વ સ્પર્ધામાં બહોળા પ્રમાણમાં શાળાના વિદ્યાર્થીઓને ભાગ લેવા માટે જરૂરી વ્યવસ્થા કરવા તથા આવશ્યક સુચનાઓ સંબંધિત કચેરીને આપવા વિનંતી છે.

| અનુ. નં. | વક્તૃત્વ સ્પર્ધાના વિષયો | ધોરણ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|
| ૧ | ભારતીય નાગરિકના મુળભૂત અધિકારો અને ફરજો | ૯–૧૦ | કોઈપણ વિષય ઉપર ફક્ત (૫) મિનિટ |
| ૨ | પર્યાવરણ – સૃષ્ટિ અને અમુલ્ય | | |
| ૩ | બેટી બચાવો, બેટી ભણાવો | | |
| ૪ | જાતીય સતામણી–"મારી વ્યથા" કોને કહું? | | |
| ૫ | લોકશાહી અને બંધારણીય અધિકારો | ૧૧–૧૨ | |
| ૬ | જાતીય શોષણ એક અપરાધ | | |
| ૭ | સ્ત્રી સશક્તિકરણ અને કાયદો | | |
| ૮ | જાતીય સતામણી અટકાવવા શાળા અને સમાજની ભુમિકા | | |

વક્તૃત્વ સ્પર્ધા યોજવા માટેની સુચનાઓઃ–

(૧) આપના તાબાની ૧ થી ૧૪ એસ.વી.એસ. માં તા. ૨૮ /૧૨ /૨૦૨૨ ના રોજ સ્પર્ધા યોજવાની રહેશે.

(૨) ૧ થી ૧૪ એસ.વી.એસ. ના કન્વીનરશ્રીઓએ પોતાના એસ.વી.એસ. માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં વક્તૃત્વ સ્પર્ધા યોજવાની રહેશે.

(૩) પ્રત્યેક એસ.વી.એસ.માં યોજાનાર વક્તૃત્વ સ્પર્ધામાં નીચે મુજબના ઈનામો ઘોષિત કરવાના રહેશે.

(૪) પ્રત્યેક એસ.વી.એસ.માં યોજાનાર વક્તૃત્વ સ્પર્ધાના સ્થળ અને સમય ની માહિતી ફરજીયાત આપવાની રહેશે.

(૧) માધ્યમિક વિભાગઃ– પ્રથમ ક્રમાંક, દ્વિતીય ક્રમાંક, અને તૃતીય ક્રમાંક આપવાના રહેશે.
(બે આશ્વાસન ઈનામ આપવાના રહેશે.)

સ્પર્ધામા વિજેતા પામેલ ત્રણ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવાના રહેશે જેમાં પ્રથમ ક્રમાંક, દ્વિતીય ક્રમાંક, અને તૃતીય ક્રમાંક આપવાના રહેશે અને તેઓને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે અને બે આશ્વાસન ઈનામ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે આપવાના રહેશે.

(૨) ઉચ્ચત્તર માધ્યમિક વિભાગઃ–પ્રથમ ક્રમાંક, દ્વિતીય ક્રમાંક, અને તૃતીય ક્રમાંક આપવાના રહેશે.
(બે આશ્વાસન ઈનામ આપવાના રહેશે.)

સ્પર્ધામા વિજેતા પામેલ ત્રણ વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવાના રહેશે જેમાં પ્રથમ ક્રમાંક, દ્વિતીય ક્રમાંક અને તૃતીય ક્રમાંક આપવાના રહેશે અને તેઓને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે અને બે આશ્વાસન ઈનામ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે આપવાના રહેશે.

(3) ૧ થી ૧૪ એસ.વી.એસ. માં જે સ્પર્ધકોનો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમાંક આવશે તે વિદ્યાર્થીને ફાઈનલમાં નિયત કરવામાં આવનાર તારીખે સમયસર સ્થળ ઉપર પહોંચવાનું રહેશે. વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવા અચૂકથી હાજર રહેવાનું રહેશે ગેરહાજર રહેનાર વિદ્યાર્થીને સ્પર્ધા માંથી બાકાત કરવામાં આવશે.

(૫) વકતૃત્વ સ્પર્ધામાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ કોઇ પણ એક ભાષામાં પોતાનું વકતવ્ય આપી શકશે.

(૬) જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત તરફથી **એક** નિર્ણાયક આવશે.

(૭) સ્પર્ધા માટેની કોઈપણ માહિતી માટે શ્રી ભરતભાઈ પંડિત મો.નં. ૯૮૨૫૧-૬૨૦૬૨નો સંપર્ક સાધી શકાશે.

**નોંધઃ- ફાઈનલ સ્પર્ધાના સ્થળની જાણ હવે પછી કરવામાં આવશે.**

12/12/2022

(એચ.વી.જોટાણીયા)
સચિવ,
જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત